## આદર્શ મહિલા સેવા સખી મંડળ

**સર્વ ને સમાન ન્યાય**

આદર્શ મહિલા સેવા સખી મંડળ દ્વારા ચાલતાં સીવણવર્ગ, માટીકામ, બ્યુટીપાર્લર, મોતીકામ, ગૃહઉદ્યોગ, વિધવા નિરાધાર,ને મદદ કરવી કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની ચાલતી યોજના વિશે માર્ગદર્શન તથા માનવસેવા એજ પ્રભુ સેવા દર્દીઓને પડતી મુશ્કેલીઓમાં તેમને મદદ કરવી તથા સેવાનાં લગતાં કોઈપણ કામકાજ અંગે વિનામુલ્યે માર્ગદર્શન આપવામાં આવશે.

**સંપર્ક કરો : કિર્તીબેન એચ. રાઠોડ**

કાર્યાલયઃ-૪, ગ્રાઉન્ડ ફ્લોર, ૪, ગોલ્ડન પ્લાઝા,
આર્યસમાજ મંદિરની સામે, રાયપુર દરવાજા બહાર,
કાંકરીયા અમદાવાદ -૨૨
મો. ૯૦૯૯૮૪૮૪૪૦



અમદાવાદ, વડોદરા,સુરત, ભરૂચ, આણંદ, રાજકોટ, જામનગર, પોરબંદર,કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, પાલનપુર અને હિંમતનગર સહિત ગુજરાતભરમાં બહોળો ફેલાવો ધરાવતું સાપ્તાહિક

# નારી આવાજ

તંત્રી : કિર્તીબેન એચ. રાઠોડ ● સહતંત્રી : હિમાંશુ એચ. રાઠોડ ● મેનેજીંગ તંત્રી : આરીફ દીવાન



## નારી આવાજ ન્યૂઝ

ન્યૂઝ, સાપ્તાહિક મેળવવા
નીચેના સરનામે સંપર્ક કરવો
આપનાં વિસ્તારની મહિલાઓની સમસ્યાઓ
આપનાં પ્રશ્નોની વિસ્તુત છણાવટ માટે હરદમ
હરઘડી આપની પડખે
ઉભુ રહેતુ ભારતનું એકમાત્ર સાપ્તાહિક
'' નારી આવાઝ ન્યૂઝ''
ઓફિસ :- રાયપુર દરવાજા બહાર,
૪ -ગોલ્ડનપ્લાઝા,આર્યસમાજ મંદિર પાસે,
કાંકરીયા અમદાવાદ-૨૨
મો.૯૦૯૯૮૪૮૪૪૦



● વર્ષ : ૦૭ ● અંક : ૧૪ ● તા. ૧૭-૧૦-૨૦૧૯, ગુરૂવાર ● કિંમતઃ રૂ. ૩-૦૦ ● પાનાં : ૦૪ ● Email : nariaavaj@gmail.com ● RNI No. GUJGUJ/2013/53968

પ્રકાશન સ્થળ : એ/એ, સુખશાંતિ નગર, હરિનગરની બાજુમાં, સી.ટી.એમ. ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૨૬

કાર્યાલય : ૪, ગોલ્ડન પ્લાઝા, રાયપુર દરવાજા બહાર, આર્ય સમાજ મંદિર સામે, કાંકરિયા રોડ, અમદાવાદ-૨૨. ● મો. ૯૦૯૯૮૪૮૪૪૦


અયોધ્યા કેસમાં સુપ્રિમ કોર્ટમાં ૪૦ દિવસ સુનવાણી ચાલી

# અયોધ્યા વિવાદ : દલીલો પૂર્ણ,સુપ્રિમે નિર્ણય સુરક્ષીત રાખ્યો



(જી.એન.એસ)ન્યુ દિલ્હી, દશકાઓથી ચાલી રહેલા અયોધ્યા રામજન્મભૂમિ-બાબરી મસ્જિદ કેસની આજે અંતિમ સુનાવણી કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે આજે તમામ પક્ષોની દલીલો સાંભળ્યા પછી નિર્ણય સુરક્ષીત રાખ્યો છે. હિન્દુ પક્ષ તરફથી નિર્મોહી અખાડા, હિન્દુ મહાસભા, રામજન્મભૂમિ ન્યાસ તરફથી દલીલો રજૂ કરવામાં આવી હતી. જ્યારે મુસ્લિમ પક્ષ તરફથી રાજીવ ધવને તેમની દલીલો રજૂ કરી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે નવેમ્બરના પહેલાં સપ્તાહમાં આ કેસનો ચુકાદો આવી શકે છે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ આજે સાંજે ૫ વાગે સુનાવણી ખતમ કરવાનો આદેશ આપ્યો હતો પરંતુ દરેક પક્ષોએ ૪ વાગતા સુધીમાં જ દલીલો પૂર્ણ કરી દીધી હતી. હવે આગામી ૨૩ દિવસ બાદ સુપ્રીમ દ્વારા ચૂકાદા પર સુનાવણી કરવામાં આવશે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ ૧૭ નવેમ્બરે નિવૃત્ત થશે તે પહેલાં ચુકાદો આવી જાય તેવી પ્રબળ સંભાવના છે.

સુપ્રીમ કોર્ટમાં સૌથી અંતમાં મુસ્લિમ પક્ષ તરફથી દલીલો રાખવામાં આવી. હવે સુપ્રીમ કોર્ટે લિખિત સોગંદનામું, મોલ્ડિંગ ઑફ રિલીફને રિલીફમાં જમા કરવા માટે ૩ દિવસનો સમય આપ્યો છે.

આજે છેલ્લા દિવસે પણ બંને પક્ષો વચ્ચે ધારદાર દલીલો થઈ હતી. કોર્ટમાં જજોની બેંચ સામે મુસ્લિમ પક્ષ (સુન્ની વક્ફ બોર્ડ)ના વકીલે અયોધ્યા સંબંધિત એક નકશો ફાડી નાખ્યો હતો, જેના પર કોર્ટમાં હોબાળો થઈ ગયો. તેના પછી હિન્દુ મહાસભાના વકીલ અને મુસ્લિમ પક્ષના વકીલે તીખી પ્રતિક્રિયા આપી, જેના પર ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ નારાજગી વ્યક્ત કરી.

૪૦મા દિવસની સુનાવણીમાં હિન્દુ મહાસભાના વકીલ વિકાસસિંહે અયોધ્યા સંબંધિત એક નકશો બતાવ્યો. આ નકશો ઓક્સફર્ડના એક પુસ્તકનો ભાગ હતો. આ નકશામાં મુસ્લિમ પક્ષના વકીલ રાજીવ ધવને ફાડી નાખ્યો. મળતી માહિતી મુજબ, તેમણે નકશાના પાંચ ટૂકડા કરી નાખ્યા.

નકશો ફાડવાની ઘટના બાદ કોર્ટમાં વકીલો વચ્ચે તણખા ઝર્યા હતા. તેના પર ચીફ જસ્ટિસ સહિત આખી બેંચે નારાજગી વ્યક્ત કરી. તેમણે કહ્યું કે જો વાદવિવાદ આ રીતે ચાલ્યો તો તેઓ ઉઠીને જતા રહેશે. તેના પર હિન્દુ મહાસભાના વકીલે કહ્યું કે તેઓ કોર્ટની ઘણી ઈજ્જત કરે છે અને તેમણે કોર્ટની મર્યાદા ભંગ નથી કરી. જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે, ''નકશા પરથી લાગે છે કે રામ ચબૂતરો અંદર હતો.'' આના પર રાજીવ ધવને કહ્યું કે, ''બંને તરફ કબ્રસ્તાન છે. ચબૂતરો પણ મસ્જિદનો ભાગ છે. ફક્ત ઈમારત જ નહીં, પરંતુ આખી જગ્યા મસ્જિદનો ભાગ છે.''

મુસ્લિમ પક્ષના વકીલ રાજીવ ધવને આ દરમિયાન નિર્ણયના અનુવાદ અંગે સવાલ ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું કે, રામ જન્મભૂમિ પુનરુદ્ધાર સમિતિના વકીલ પીએન મિશ્રાએ અનુવાદને યોગ્ય ગણાવ્યું અને વધુ એક ફકરો વાંચ્યા, પણ અમે તેમને પહેલા પણ સાંભળી ચુક્યા છીએ. બાબર દ્વારા મસ્જિદના નિર્માણ માટે ગ્રાન્ટ અને ભાડું માફ કરવાના દસ્તાવેજ છે. આ અંગે જસ્ટિસ ચંદ્રચુડે કહ્યું કે, ગ્રાન્ટમાંથી તમને માલિકી અધિકારની પુષ્ટી કેવી રીતે થાય છે? રાજીવ ધવને કહ્યું કે, જમીદારી અને ભાડાના જમાના પ્રમાણે જોવા જઈએ તો જમીનના માલિકને જ ગ્રાન્ટ મળતી હતી. રાજીવ ધવને કહ્યું કે, આ લોકોની દલીલો મૂર્ખતા ભરેલી છે કારણ કે તેમને ભૂમિ કાયદા અંગેની કોઈ માહિતી નથી. આ અંગે પીએન મિશ્રાએ કહ્યું કે, લેન્ડલોજ પર બે પુસ્તક લખ્યા છે અને તમે કહી રહ્યાં છો કે મને કાયદો નથી ખબર. આ અંગે રાજીવ ધવને કહ્યું કે,તમારા પુસ્તકોને સલામ તેની પર પીએચડી કરી લો.

મુસ્લિમ પક્ષના વકીલ રાજીવ ધવને કહ્યું કે, હિન્દુ પક્ષકારોએ કુરાન આધારિત જે પણ દલીલો કરી છે તેમાં કોઈ દમ નથી. રાજીવ ધવને કહ્યું કે, અમે અમારી જમીન પર કબજો ઈચ્છીએ છીએ. તેમણે કહ્યું કે, જે દસ્તાવેજોની વાત થઈ રહી છે તેના ચાર અર્થ છે. પહેલો ઉર્દુ, પછી હિન્દી જે જિલાની તરફથી થયું, પછી ફરી એક હિન્દી જે હાઈકોર્ટ જસ્ટિસ અગ્રવાલ તરફથી કરાયું. તેમણે કહ્યું કે, ૨૦૧૭માં ચોથું ટ્રાન્સલેશન થયું હતું. મુસ્લિમ પક્ષે તેમની દલીલમાં કહ્યું કે, ૬ ડિસેમ્બર ૧૯૯૨માં જે નષ્ટ કરવામાં આવી તે અમારી પ્રોપર્ટી હતી. વક્ફ સંપત્તિના મતવલ્લી જ તેના સમારકામના જવાબદાર હોય છે. તેને બોર્ડ જ નક્કી કરે છે. રાજીવ ધવને કહ્યું કે, અયોધ્યાને અવધ અથવા ઔધ લખવામાં આવે છે. તેની તપાસ સરકાર દ્વારા કરવામાં આવી હતી. આ વિશે જસ્ટિસ ચંદ્રચૂડે કહ્યું કે, જો અમે તમારા આધારે જોઈએ તો તે માલિકીહકના દસ્તાવેજો નથી.

પાકિસ્તાન ૯૪મા ક્રમે તો ભારત ૧૦૨ ક્રમે પહોંચ્યું

## ભૂખમરાનો ભરડો : ગ્લોબલ હંગર ઈન્ડેક્સમાં ભારત પાકિસ્તાન કરતા આઠ ક્રમ પાછળ

(જી.એન.એસ)ન્યુ દિલ્હી, ભારત ૧૧૭ દેશોના વૈશ્વિક ભૂખ સૂચકાંક (ગ્લોબલ હંગર ઈન્ડેક્સ)માં ૧૦૨માં સ્થાન પર પહોંચ્યું છે. આ દક્ષિણ એશિયાના દેશોનો સૌથી છેલ્લો ક્રમાંક છે. બાકીના દક્ષિણ એશિયન દેશ ૬૬થી ૯૪ ક્રમની વચ્ચે છે. ભારત બ્રિક્સ (બ્રાઝીલ, રશિયા, ભારત, ચીન અને સાઉથ આફ્રિકા) બાકીના દેશોની સરખામણીએ ખૂબ જ પાછળ છે. બ્રિક્સનું સૌથી ખરાબ પ્રદર્શન કરનારો દેશ દક્ષિણ આફ્રિકા ૫૯માં ક્રમ પર છે.

૨૦૧૫માં ગ્લોબલ હંગર ઈન્ડેક્સમાં ભારતનો ક્રમાંક ૯૩મો હતો. તે વર્ષે દક્ષિણ એશિયામાં ફક્ત પાકિસ્તાન જ એવો દેશ હતો જે આ ઈન્ડેક્સમાં ભારત કરતા નીચે હતો. પરંતુ આ વર્ષે પાકિસ્તાને ભારતને ધોબી પછાડ આપીને તેની આગળ નીકળી ગયું છે. આ વર્ષે આ ઈન્ડેક્સમાં પાકિસ્તાન ૯૪માં ક્રમ પર અને ભારત ૧૦૨ ક્રમ પર છે, જે ભારત માટે ખૂબ જ શરમજનક ગણાઈ રહ્યું છે.

ગ્લોબલ હંગર ઈન્ડેક્સના આંકડાઓ વિવિધ દેશોમાં કુપોષણનો શિકાર બનેલા બાળકોની સંખ્યા, તેમની લંબાઈ અનુસાર તેમનું વજન અથવા તો ઉંમર અનુસાર ઓછી લંબાઈ ધરાવતા પાંચ વર્ષ સુધીના બાળકોની સરેરાશ અને પાંચ વર્ષ સુધીના બાળકોના મૃત્યુ દરના આધારે નક્કી કરવામાં આવતા હોય છે. આંકડાઓ દર્શાવી રહ્યા છે કે ભારતના કારણે જીએચઆઈમાં દક્ષિણ એશિયાની સ્થિતિ આફ્રિકાના ઉપ -સહારા વિસ્તારથી પણ ખરાબ હતી. જીએચઆઈ પર રજૂ કરવામાં આવેલા અહેવાલ અનુસાર ભારતમાં છથી ૨૩ મહિનાના ફક્ત ૯.૬% બાળકોને જ ન્યૂનતમ ખોરાકની મંજૂરી મળી શકે છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી જાહેર કરાયેલ અહેવાલમાં તો આ આંકડો ૬.૪%નો જ દર્શાવવામાં આવ્યો છે. અહેવાલ અનુસાર વર્ષ ૨૦૦૦ પછી નેપાળે આ મામલામાં સૌથી વધારે સુધારો કર્યો છે.

એક કલાક બાદ ટુ-વ્હિલરના રૂ.૧૦ અને ફોર વ્હિલરના રૂ.૩૦ ચાર્જ વસૂલાશે

## મૉલ-મલ્ટીપ્લેક્સમાં હવે ફરી પાર્કિંગ ફી આપવી પડશે : સુપ્રીમ કોર્ટ

(જી.એન.એસ)ન્યુ દિલ્હી, પાર્કિંગ ચાર્જ ઉઘરાવતા મોલ અને મલ્ટીપ્લેક્સ મામલે ગુજરાત હાઈકોર્ટે ચુકાદો આપ્યા બાદ સંચાલકોએ સુપ્રીમમા અરજી કરી હતી. આ અરજી પર મોલ અને મલ્ટીપ્લેક્ષના સંચાલકોને સુપ્રીમકોર્ટને વચગાળાની રાહત આપવામાં આવી છે. મોલપાર્કિંગ ચાર્જને લઈને આજે સુપ્રીમ કોર્ટે સંચાલકોને મોટી રાહત આપી છે.

ગુજરાત હાઈકોર્ટના ચુકાદા સામે સુરતના રાહુલરાજ મોલ કો.ઓ.સર્વિસ સોસાયટી દ્વારા સુપ્રીમ કોર્ટમાં સ્પેશિયલ લિવ પિટિશન દાખલ કરવામાં આવી હતી. જેની સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે વચગાળાના આદેશ મારફતે કોમર્શિયલ બિલ્ડીંગો (મોલ-મલ્ટિપ્લેક્સ)માં પાર્કિંગ ચાર્જ વસૂલવાની પરવાનગી આપી હતી. કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે એવી પણ મહત્વની ટકોર કરી હતી કે, સંપૂર્ણ રીતે ફ્રી પાર્કિંગ હોઈ ના શકે. તેથી પક્ષકારોએ તેમની રીતે જરૂરી સૂચનો અને દરખાસ્ત રજૂ કરવા જોઈએ જેને કોર્ટ ધ્યાને લેશે. સુપ્રીમ કોર્ટે સમગ્ર કેસની વધુ સુનાવણી તા.૧૯મી નવેમ્બરે મુકરર કરી હતી. સુપ્રીમ કોર્ટે આજે પોતાના ચુકાદામાં મોલ અને મલ્ટીપ્લેક્સના સંચાલકોને ૧ કલાક ફ્રી પાર્કિંગ સેવા આપ્યા બાદ પાર્કિંગ ચાર્જ વસૂલવાની પરવાનગી આપી દીધી છે. હવેથી કોમર્શિયલ મોલ મલ્ટીપ્લેક્ષમાં પાર્કિંગ ચાર્જ લેવામાં આવશે. હવેથી કોમર્શિયલ મોલ મલ્ટીપ્લેક્ષમાં ટુ વ્હીલરના રૂપિયા ૧૦ અને ફોર વ્હીલરના રૂપિયા ૩૦ લેવામાં આવશે. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદામાં ટકોર કરતા જણાવ્યું છે કે, કોઈ મોલ મલ્ટીપ્લેક્ષના સંચાલકો આનાથી વધુ ચાર્જ લઈ શકાશે નહીં. સુપ્રીમ કોર્ટના ચુકાદો રાજ્યના તમામ મોલ મલ્ટીલ્પેક્સને લાગુ પડશે.

## જમ્મૂ-કાશ્મીરના અનંતનાગમાં સેનાએ ત્રણ આતંકીઓને ઠાર કર્યા

(જી.એન.એસ)શ્રીનગર, જમ્મુ-કાશ્મીરના અનંતનાગ સ્થિત બિદબેહરામાં બુધવારે સેનાના જવાનોને મોટી સફળતા હાથ લાગી છે. સવારે ૬ વાગ્યાથી શરૂ થયેલ અથડામણમાં સુરક્ષાજવાનોએ ત્રણ આતંકવાદીઓને ઠાર માર્યા છે. સેના અને સીઆરપીએફના જવાનોએ સંયુક્ત ઓપરેશનમાં ૩ આતંકવાદીઓને ઘેરી લીધા હતા, જેઓ એક ઘરમાં છૂપાયા હતા. આ અથડામણમાં એક પણ સેનાના જવાનને કોઈ નુકસાન નથી થયું. આ અથડામણના સ્થળે હવે સર્ચ ઓપરેશન કરવામાં આવી રહ્યું છે.

બુધવારે સવારે ૬ વાગ્યાથી આ અથડામણ ચાલી રહી હતી. જણાવી દઈએ કે, આર્ટીકલ ૩૭૦ નાબૂદ કર્યા બાદ આતંકવાદીઆ સાથે ઘાટીમાં ત્રીજી અથડામણ છે, જ્યારે અનંતનાગમાં પ્રથમ એક્રાઉન્ટર છે. અગાઉ ૨૯ સપ્ટેમ્બરે બે અલગ-અલગ ઠેકાણે થયેલી અથડામણમાં સેનાના જવાનોએ ૬ આતંકવાદીઓને મોતની ઘાટ ઉતાર્યા હતા. આ ઓપરેશન ભારતીય સેના અને સીઆરપીએફ દ્વારા સંયુક્ત રીતે હાથ ધરાયું હતું, સેનાને વહેલી સવારે એક ઘરમાં આતંકવાદીઓ ઘરમાં છૂપાયા હોવાની બાતમી મળી હતી, જે બાદ આ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આર્ટીકલ ૩૭૦ મુદ્દે ભારત સરકારના ઐતિહાસિક નિર્ણય બાદ અથડામણની ઘટનામાં ઘટાડો થયો છે. પોલીસે જણાવ્યું કે, આ સમયે આતંકવાદી હથિયારોની કમીથી પરેશાન છે. આથી તેઓ સેનાના જવાનોના હથિયારો છીનવી રહ્યા છે.

## આવતાં પાંચ વર્ષમાં ટોલની આવક વધીને એક લાખ કરોડ રૂપિયાની થશેઃ ગડકરી

(જી.એન.એસ)ન્યુ દિલ્હી, કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે ટોલ નાકા પર ટ્રાફિક જામ ન થાય એ માટે ઈલેક્ટ્રોનિક ટોલ કલેકશન કાર્યક્રમ જેવી યોજનાની મદદથી આવતા પાંચ વર્ષમાં ભારતની ટોલની વાર્ષિક આવક વધીને એક લાખ કરોડ રૂપિયાની થશે.



ગડકરીએ જણાવ્યું હતું કે એનએચએઆઈ હેઠળ ૧.૪ લાખ કિ. મી. હાઈવેમાંથી ૨૪,૯૯૬ કિ.મી. હાઈવે પર ટોલ વસૂલવામાં આવે છે અને વર્ષાંત સુધીમાં એની લંબાઈ વધીને ૨૭૦૦૦ કિ.મી. થઈ જશે. ૧લી નવેમ્બર, ૨૦૧૯થી ટોલનું પેમેન્ટ ફક્ત નેશનલ ઈલેક્ટ્રોનિક ટોલ કલેકશન (એનઈટીસી) કાર્યક્રમ હેઠળ ફક્ત ફાસ્ટેગ દ્વારા જ થશે. વન નેશન, વન ટેગ- ફાસ્ટેગ-આધાર ફોર અ વ્હિકલના વિષય પર આયોજિત બેઠકની સાઈડલાઈનમાં એમણે પત્રકારોને આપેલી માહિતી પ્રમાણે આપણી ટોલની આવક રૂ. ૩૦,૦૦૦ કરોડ પ્રતિ વર્ષની છે. અમે વધુ રસ્તાઓ બાંધી રહ્યા છીએ. એક અંદાજ પ્રમાણે આવતાં પાંચ વર્ષમાં ટોલની આવક દર વર્ષે એક લાખ કરોડ રૂપિયાની થશે. જો આટલી આવક થતી રહેશે તો બૅંકોમાંથી લૉન મળશે, બજારમાંથી વધુ નાણાં ઉપાડીને વધુ યોજનામાં રોકાણ કરી શકીશું.

રિસોર્સિસની કોઈ કમી નથી અને એનએચએઆઈની ૭૫ ટકા યોજનાઓ માટે બૅંકો લૉન આપી શકે એમ છે. કેસલેસ સિસ્ટમને લીધે ફક્ત સમય જ નહીં બચે, પણ એ સાથે લોકોના વાહનનું બળતણ બચશે અને એ રીતે જીડીપીની વૃદ્ધિમાં પણ મદદ થશે. આ પ્રસંગે એમણે ફાસ્ટેગ માટે પ્રિપેઈડ એનએચએઆઈ વેલેટનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

## ટ્રમ્પ યુદ્ધમાં વિશ્વાસ કરતા નથી : પાકિસ્તાન વડાપ્રધાન

(જી.એન.એસ)ઈસ્લામાબાદ, ઈમરાન ખાન સાઉદી અરબ અને ઈરાનની વચ્ચે તણાવ ઘટાડવાની કોશિષ કરીને સાઉદી અરબ પહોંચ્યા છે. પાકિસ્તાન પીએમ ઈમરાન ખાને મંગળવારના રોજ સાઉદી કિંગ સલમાન બિન અબ્દુલ અજીજ અલ સઉદ અને ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે મુલાકાત કરી. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે પોતાના નિવેદનમાં કહ્યું કે પીએમ ઈમરાન ખાને સાઉદીને કૂટનીતિ અને શાંતિપૂર્ણ રીતે ક્ષેત્રીય મુદ્દાઓને ઉકેલવાની સલાહ આપી. જો કે નિવેદનમાં એ નથી કહ્યું કે સાઉદી ક્રાઉન પ્રિન્સ સલમાને ઈમરાન ખાનની આ સલાહ પર શું જવાબ આપ્યો. પાકિસ્તાન અતીતમાં પણ આવું પહેલાં કરી ચૂકયા છે જેને સાઉદી અરબ નકારતું રહ્યું છે. એક ઈન્ટરવ્યુમાં પાકિસ્તાનના પીએમે કહ્યું કે ન્યૂયોર્કના પ્રવાસમાં ટ્રમ્પે તેમને ઈરાન અને અમેરિકા માટે મધ્યસ્થતા કરવાની કોશિષ કરવા માટે કહ્યું હતું. ઈમરાને એમ પણ દાવો કર્યો કે ઈરાનના પ્રવાસમાં પણ તેમણે રાષ્ટ્રપતિ રૂહાનીની સામે અમેરિકાનો પ્રસ્તાવ મૂકયો હતો. ઈમરાન ખાને અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર પૂછાયેલા એક પ્રશ્નના જવાબમાં કહ્યું કે લોકો મોટાભાગે ટ્રમ્પની આલોચના કરે છે પરંતુ મને લાગે છે કે મને તેમની એ વાત ખૂબ પસંદ છે કે તેઓ યુદ્ધમાં વિશ્વાસ કરતા નથી.

આવનારી લડાઈ સ્વદેશી હથિયારો અને ટેકનોલોજીથી લડીશુંઃ આર્મી ચીફ

## ઉચ્ચસ્તરની ટેકનોલોજીમાં ભારતની સ્થિતિ દુઃખદ રહી છેઃ અજીત ડોભાલ

(જી.એન.એસ)ન્યુ દિલ્હી, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA)અજીત ડોભાલ અને આર્મી ચીફ જનરલ બિપિન રાવતે મંગળવારના ડીઆરડીઓની ૪૧મી કોન્ફરન્સ દરમિયાન ટેક્નોલોજી અને સુરક્ષા વિશે વાત કરી. અજીત ડોભાલે કહ્યું કે દુનિયાના અમુક એવા દેશ રહ્યા છે જેમની પાસે ઉચ્ચ સ્તરની ટેક્નોલોજી હતી. ભારતની આ મામલે સ્થિતિ દુખદ રહી છે. આર્મી ચીફે કહ્યું- ભારત આવનારી લડાઈ સ્વદેશી હથિયારો અને ટેક્નોલોજીથી લડશે અને મને ભરોસો છે કે આપણી જીતીશું. ડોભાલે કહ્યું- ટેકનોલોજીના મામલામાં આપણે હંમેશા ઉપવિજેતા જ રહ્યા છીએ. ઉપવિજેતાઓ માટે કોઈ ઈનામ નથી હોતું. આપણને આપણી રક્ષા સેવાઓ અને ગુપ્તચર એજન્સીઓ સાથે આ મામલે સમીક્ષા કરવી પડશે કે કઈ ચીજો જરુરી છે જે આપણને દુશ્મનો પર લીડ અપાવી



દે. અત્યારના સમયમાં કોઈ ક્ષેત્રને પ્રભાવિત કરવા માટે ટેક્નોલોજી અને પૈસા મહત્વના છે. યુદ્ધની સ્થિતિમાં કોઈ પક્ષની જીતનો નિર્ણય પણ આ બે ચીજો કરશે. તેમાં ટેક્નોલોજી વધારે જરુરી છે કારણ કે જ્યાં પણ સેના પાસે વધુ આધુનિક હથિયાર રહ્યા છે તેમણે જ માનવતાના ભવિષ્યનો નિર્ણય કર્યો છે.

આર્મી ચીફે કહ્યું - ભારત આગામી લડાઈ સ્વદેશી હથિયારો અને ઉપકરણોથી લડશે અને ભરોસો છે કે જીત આપણને જ મળશે. ડીઆરડીઓ છેલ્લા ઘણા સમયથી એ નિશ્ચિત કરવાની કોશિષ કરી રહ્યું છે કે આપણી જરુરિયાતો ઘરેલુ ઉત્પાદનથી પૂરી કરવામાં આવે. અમે ભવિષ્યની લડાઈ માટે હથિયારો જોઈ રહ્યા છીએ. હવે આપણને સાઈબર, લેઝર, ઈલેક્ટ્રોનિક, રોબોટિક અને આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ જેવી ટેક્નોલોજી પર ધ્યાન દેવું પડશે.

## તંત્રી લેખ.....

# દેશનું અર્થતંત્ર કથળી જવા માટે દોષીત કોણ....?

ભારતના ચલણને બેંગકોકમા ત્યાના ચલણમા ચેઈન્જ કરી દેવામાં આવતું નથી. પરિણામે પ્રવાસે આવેલ ભારતીયોને ભારે મુશ્કેલ હાલતમાં મુકાવું પડ્યું છે. બેંગકોકમાં જ્યાં ચલણ બદલવા માટેના કાઉન્ટરો છે તે કાઉન્ટર પર પ્રિન્ટ કરેલા બોર્ડ મુકી દેવામાં આવ્યા છે જેમા "નો ઈન્ડિયા એન આર આઈ" લખેલ છે તેનો મતલબ છે ભારતનું કોઈપણ ચલણ બદલવાનું બંધ કરી દેવામાં આવ્યું છે. ત્યારે દેશમાં કેટલી ભયંકર મંદી પ્રસરવાની છે તે વિશ્વના દેશો સમજી ગયા છે... તો રૂપિયાનું અવમૂલ્યન થયું છે જે એક હકીકત છે. આઈએમએફએ પણ કહી દીધું છે કે વિશ્વભરમાં સૌથી વધુ મંદીની અસર ભારતમાં થશે. અને આ વાતની અસર વિશ્વભરના દેશોમાં પડે તે સ્વાભાવિક છે.

વિશ્વ બેંકે પણ કહ્યું છે કે ભારત આઝાદ થયો ત્યારબાદ સૌથી વધુ લોન લેનાર કોઈ દેશ હોય તો તે છે ભારતના વડાપ્રધાન. અરે એ તો ઠીક ભારતનું ૪૦૦ ટન જેટલુ સોનું પણ ગીરવે મૂકી દેવામાં આવ્યું છે. આરબીઆઈમાં લોકોના પૈસા જે રીઝર્વ ફંડમા રાખવામાં આવે છે અને આ ફંડનો ઉપયોગ દેશમાં જ્યારે આર્થિક સંકટ પેદા થાય કે આર્થિક કટોકટી સર્જાય ત્યારે જ તેનો ઉપયોગ કરવામાં આવે છે.

પણ ખુદ ભારત સરકારે આ રીઝર્વ ફંડમાંથી ૧.૭૬ લાખ કરોડ મેળવી લીધા છે. ટૂંકમાં દેશનું અર્થતંત્ર ધીમું પડી ગયું છે- રૂપિયો નબળો પડી ગયો છે- બેરોજગારીની સમસ્યા વધી ગઈ છે- ખરીદ શક્તિ ઘટી ગઈ છે. સરકારે પ્રજાના પૈસે ઉભા કરાયેલા ખાનગી ક્ષેત્રના સાહસો વેચવાનું શરૂ કરી દીધું છે. ત્યારે તમે આ બધી બાબતો માટે દોષ કોને આપશો....?

દેશમાં કોમર્શિયલ સેકટરમાં અંદાજે ૮૮ ટકા જેટલો રોકડ પ્રવાહ ઘટી ગયો છે. અનેક નાના-મોટા ઉદ્યોગો બંધ પડી ગયા છે કે ડચકા ખાઈ રહ્યા છે. પરિણામે કરોડોએ રોજગારી ગુમાવી છે. આરબીઆઈએ જીડીપી વૃદ્ધિદર ૬. ૯ ટકા હતો તે ઘટાડીને ૬.૧ ટકા કરી દીધો છે.

કેન્દ્ર સરકારે મંદી નાથવા દેશના અર્થતંત્રની ગાડી પાટે ચડાવવા અનેક પ્રયાસો કર્યા, રાહતો આપી,એનપીએ લોનો માફ કરી... આમ છતાં સરકારને સંપૂર્ણ નિષ્ફળતા મળી છે. દેશમાં મંદી ફેલાવાનું અને મોંઘવારી વધવાના અનેક કારણો છે. ૮મી નવેમ્બર ૨૦૧૬ માં સરકારે નોટ બંધીનું સાહસ કર્યું તેના પરીણામો અત્યારે જોવા મળે છે અને જીએસટીનો વિચાર્યા વગરનો અમલ થતાં અર્થતંત્રની કેડ એટલી હદે તૂટી ગઈ છે કે હવે તેમાંથી દેશ ક્યારે કેટલા વર્ષે બહાર આવશે કે ઊભો થશે તે કહેવું મુશ્કેલ છે.....!

અત્યારની સ્થિતિ મુજબ દેશનો જીડીપી દર ૨.૭ ટકાએ પહોંચ્યો છે જેને ૨૦૨૪ માં પાંચ મિલિયન ડોલર કરવાનો છે... પણ ત્યાં પહોંચવા મોટી તકલીફ છે. સરકારે બેંકોની લોન લીધેલાના રૂપિયા સાડા ચાર લાખ કરોડ માફ કરી દીધા. આમ છતાં બેંકોની એનપીએ વધી રહી છે.. છતાં તેના માટે ધ્યાન આપવામાં આવતું નથી...! ૫૦૦થી વધુ બિલિયન ડોલરનું દેશનું દેવું થઈ ગયું છે... ત્યારે દેશની આર્થિક ગાડી પાટા પરથી ખરી પડેલ છે તેગાડી કઈ રીતે પાટા પર ચડશે...? તેવો મહાકાય પ્રશ્ન દેશ સામે ઊભો થયો છે.... સરકાર ખાનગીકરણ કરવા તરફ દોડી રહી છે જેમાં નફો કરતાં જાહેર સાહસોને પણ વેચવા તૈયાર થઈ ગઈ છે... ત્યારે ખોટ કરતા જાહેર સાહસોને નફો કરતા કરવા માટે સરકાર કંઈજ કરતી નથી....ત્યારે જો સરકાર મેનેજમેન્ટમાં બદલાવ લાવે, જે- તે સાહસઘની ત્રુટીઓ દૂર કરે અને તે માટેની જવાબદારી નક્કી કરવામાં આવે તો ખોટ કરતા સાહસો નફો કરતા થઈ જાય.... પરંતુ સરકારની નીતિ ખાનગીકરણ કરવાની છે.... ત્યારે બીજો કોઈ રસ્તો....!!

સરકારની નીતિ કઈ તરફ જઈ રહી છે તેને સમજવું ઘણું જ કઠીન છે....! આજની સ્થિતિએ પણ શહેરના લોકો ગામડાં તરફ જઈ રહ્યા છે જેને સમજવાની જરૂર છે અને ગ્રામ્ય સ્તરેથી જ તમામ આર્થિક સહાય નાના-મોટા ધંધા-રોજગાર કૃષિ ક્ષેત્રને કરે તો જ દેશનું અર્થતંત્ર સુધરશે.... બાકી તો....?!? જયશ્રીરામ.....

## સ્કોટલેન્ડ યાર્ડે MQMના સંસ્થાપક અલ્તાફ હુસૈનને આતંક માટે ઉશ્કેરવાનો આરોપી ગણાવ્યા



(જી.એન.એસ)લલંડન, લંડનની સ્કોટલેન્ડ યાર્ડ પોલીસે ગુરુવારે મુત્તાહિદા કૌમી મૂવમેન્ટના સંસ્થાપક અલ્તાફ હુસૈનને આતંક માટે ઉશ્કેરવાનો આરોપી ગણાવ્યો છે. હુસૈન પર પાકિસ્તાનના તેમના સમર્થકોને આંતકી પ્રવૃત્તિઓ માટે ઉશ્કેરવાનો આરોપ છે. મેટ્રોપોલિટન પોલીસ કાઉન્ટર ટેરરિઝમે ગુરુવારે કહ્યું કે, હુસૈનને બ્રિટેનના આતંકવાદ વિરોધી કાયદો૧(૨)હેઠળ લંડનના વેસ્ટમિન્સ્ટર કોર્ટ સમક્ષ રજુ થવું પડશે.

હુસૈનનો(૬૫)વર્ષા ૧૯૯૦થી પાકિસ્તાનમાંથી દેશનિકાલ કરાયો હતો.ત્યારબાદ તેમણે બ્રિટેનની નાગરિકતા લીધી હતી.

જો કે, હુસૈન લંડનમાં રહેતા હતા પણ પાકિસ્તાનની મોટી પાર્ટીઓમાં સામેલ એમક્યુએમ પર તેમનું પ્રભુત્વ હોવાની ચર્ચા થઈ રહી છે. આ પાર્ટીના મુખ્ય કેન્દ્ર તરીકે પાકિસ્તાનના આર્થિક શહેર કરાચીને ઓળખવામાં આવે છે. હુસૈને ૨૨ ઓગસ્ટ ૨૦૧૬ના રોજ ભાષણ આપ્યું હતું ત્યારબાદ તેમની પાર્ટીના કાર્યકર્તાઓએ કરાચી સ્થિત એક મીડિયા કાર્યાલયમાં તોડફોડ કરી હતી. હુસૈને તેમના ભાષણમાં પાકિસ્તાન વિરોધી નારા લગાવ્યા હતા અને તેને એક દેશ ગણાવ્યો હતો જે દુનિયા માટે કેન્સર છે.

### પ્રેમીનો ત્યાગ કરવો ઘૃણાસ્પદ છે પણ અપરાધ નથી

# પ્રેમિકાની સાથે સહમતિથી જાતીય સંબંધ બનાવવો અપરાધ નહી : દિલ્હી હાઈકોર્ટ




(જી.એન.એસ)ન્યુ દિલ્હી, દિલ્હી હાઈકોર્ટે કહ્યુ છેકે, શારીરિક સંબંધો છતાં પ્રેમિકા સાથે બેવફાઈ ગમે તેટલી ખરાબ વાત લાગે, પરંતુ તે કોઈ અપરાધ નથી. કોર્ટે આગળ કહ્યુ છેકે, જાતીય સહમતિ પર ''ના''નો અર્થ ''ના'' થી વધીને હવે ''હા'' નો અર્થ ''હા'' સુધી વ્યાપક સ્વીકૃતિ છે. કોર્ટે આ નિર્ણય દુષ્કર્મના મામલામાં એક વ્યક્તિને નિર્દોષ જાહેર કરવાના નિર્ણયને યથાવત રાખતા આપ્યો હતો. જેની સામે તે મહિલાએ દુષ્કર્મનો મામલો દાખલ કર્યો હતો. જેની સાથે તેણે લગ્નનો વાયદો કર્યો હતો.

કોર્ટે આ કેસમાં પોલીસની અપીલ નામંજૂર કરતાં કહ્યું કે આ કેસમાં વ્યક્તિને નિર્દોષ જાહેર કરવાના નીચલી અદાલતના નિર્ણયમાં કોઈ ખામી નથી. કોર્ટે કહ્યું, ''પ્રેમી પ્રત્યેની બેવફાઈ, કેટલાક લોકો જે વિચારે છે તે ધ્યાનમાં લીધા વિના, ભારતીય દંડ સંહિતા હેઠળ શિક્ષાપાત્ર ગુનો નથી. બે પુખ્ર વયના લોકો પરસ્પર સંમતિથી જાતીય સંબંધો બનાવે છે, તે ગુનો નથી.'' હાઈકોર્ટે કહ્યું કે મહિલાએ લગ્નના વચનની લાલચ આપીને જાતીય સંબંધો બનાવવાના આરોપોનો ઉપયોગ આરોપી સાથે અગાઉ જાતીય સંબંધ રાખવાના સાચો ઠેરવવા માટે જ નહીં પરંતુ એફઆઈઆર નોંધાયા પછી પણ તેના આચરણને યોગ્ય સાબિત કરવા માટે કર્યો. અને મહિલાએ તબીબી તપાસની પણ ના પાડી.

ન્યાયાધીશ વિભુ ભાખારુએ કહ્યું હતું કે, જ્યાં સુધી જાતીય સંબંધ માટે સંમતિની વાત છે ત્યાં સુધી, ૧૯૯૦ ના દાયકાથી શરૂ થયેલ અભિયાન 'ના મતલબ ના' માં વૈશ્વિક સ્વીકૃત નિયમ હતો. મૌખિક 'ના' એ સ્પષ્ટ સંકેત છે જાતીય સંબંધો માટે સંમતિ આપવામાં આવી નથી.''

તેમણે કહ્યું,'' જાતીય સહમતિ પર ''ના''નો અર્થ ''ના'' થી વધીને હવે ''હા'' નો અર્થ ''હા'' સુધી વ્યાપક સ્વીકૃતિ મળી રહી છે. તેથી, જ્યાં સુધી જાતીય સંબંધ સ્થાપિત કરવા માટે સકારાત્મક, સચેત અને સ્વૈચ્છિક સંમતિ ન હોય તો તે ગુનો થશે.

**દુષ્કર્મના મામલામાં આરોપીને છોડી મૂકી કોર્ટે રાહત બક્ષી**

# સરકારી કર્મચારીને મળશે મોટી ભેટ...દિવાળી પહેલા પગાર કરાશે

(જી.એન.એસ)ગાંધીનગર, મોદી સરકારે કેન્દ્રીય કર્મચારીઓને ૫ ટકા મોંઘવારી દૈનિક ભથ્થુ વધારવાના પ્રસ્તાવને મંજુરી આપી દઈને દિવાળીની મોટી ભેટ આપી દીધી છે. ત્યારબાદ ગુજરાત સરકારના કર્મચારીઓને દિવાળી રહેલા મોટી ભેટ આપવામાં આવી રહી છે.

રાજય સરકારના કર્મચારીઓને દિવાળી પહેલા પગાર કરવાની જાહેરાત કરીને ખુશખુશાલ કરી દીધા છે. સામાન્ય રીતે મહિનો પુરો થયા બાદ રાજ્ય સરકારના કર્મચારીઓના પગારની ચૂકવણી થતી હોય છે, પરંતુ આ વખતે ઓકટોબરના અંતિમ દિવસોમાં દિવાળી હોવાના કારણે વહેલો પગાર કરવાની જાહેરાત કરાઈ છે.

સચિવાલય સ્ટાફ એસોસિએશન દ્વારા દિવાળી પહેલા



પગાર કરવાની રજૂઆત નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને કરવામાં આવી હતી. ત્યારબાદ નાયબ મુખ્યમંત્રીના કાર્યાલયે નાણા વિભાગના અધિક મુખ્ય સચિવને પત્ર લખી કર્મચારીઓના વહેલા પગાર કરવાની યોગ્ય વ્યવસ્થા કરવા જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારની કેબિનેટે કેન્દ્રીય કર્મચારીઓના ૫ ટકા મોંઘવારી દૈનિક ભથ્થુ વધારવાના પ્રસ્તાવને મંજુરી આપી દીધી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં ગત બુધવારે યોજાયેલી બેઠકમાં આ પ્રસ્તાવને મંજુરી આપવામાં આવી હતી. હવેથી કેન્દ્રીય સરકારી કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું ૧૨ ટકાથી વધીને ૧૭ ટકા થઈ જશે. કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરે આ જાહેરાત કરી હતી.

### પ્રતિ શેર દીઠ રૂ.૪૫ ડિવિડન્ડ જાહેર કર્યું

# ટીસીએસને જુલાઈ-સપ્ટેમ્બરમાં ૮૦૪૨ કરોડ રૂપિયાનો નફો

(જી.એન.એસ)ન્યુ દિલ્હી, જાણીતી આઈટી કંપની ટીસીએસનો યર-ઓન-યર કન્સોલિડેટેડ પ્રોફીટ ૩૦ સપ્ટેમ્બરના રોજ પુરા થયેલા ક્વાર્ટરમાં ૨ ટકા વધી રૂપિયા ૮,૦૪૨ કરોડ રૂપિયા થયો છે. વાર્ષિક ધોરણે કંપનીની રેવન્યુ ૫.૮૦ ટકા વધી ૩૮,૯૭૭ કરોડ રૂપિયા થઈ છે. કંપનીએ પ્રતિ દીઠ ૪૫ રૂપિયાનું ડિવિડન્ડ જાહેર કર્યું છે.

બીજા કવાર્ટરના પ્રદર્શન અંગે વાત કરતા કંપનીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને મેનેજિંગ ડાયરેક્ટર રાજેશ ગોપીનાથને જણાવ્યું હતું કે કંપનીએ આ ક્વાર્ટરમાં ફાઈનાન્શિયલ સર્વિસમાં વોલેટાલિટી અને રિટેલ વર્ટીકલ છતાં સ્થિર ગ્રોથ કર્યો છે. ઉલ્લેખનીય છે કે કંપનીની સર્વિસની માંગ સતત રહેવાને કારણે કંપનીની બીજા કવાર્ટરની ઓર્ડર બુકને કોઈ અસર થઈ ન હતી.કંપનીએ એક શેર પર ૪૫ રૂપિયાના ડિવિડન્ડની જાહેરાત કરી છે, જેમાં ૪૦ રૂપિયાના સ્પેશિયલ ડિવિડન્ડનો પણ સમાવેશ થાય છે. ટીસીએસએ ઓક્ટોબર ૧૮ને રેકોર્ડ ડેટ અને ઓક્ટોબર ૨૪ને તેના માટેની પેમેન્ટ ડેટ તરીકે જાહેર કરી છે. ગત વર્ષની સરખામણીમાં કંપનીની ઓપરેટિંગ ઈન્કમ ૪.૨૦ ટકા ઘટી ૯,૩૬૧ કરોડ રૂપિયા રહી છે. જ્યારે વાર્ષિક ધોરણે પ્રતિ શેર દીઠ અર્નિંગ ૨૦.૬૬ રૂપિયાથી વધીને ૨૧.૪૩ રૂપિયા થયું છે.

# જિયોના નિર્ણયથી જનતા નાખુશ, ટ્વિટર પર ટ્રેંડ થયું 'બોયકોટ જિયો'

(જી.એન.એસ)ન્યુ દિલ્હી, રિલાયન્સ જીયોનાં બીજો નેટવર્ક પર ફ્રી કોલિંગની સેવા બંધ કરી દેવામાં આવી છે. જેના કારણે હવે જીઓ યુઝર્સને જિયો ટૂ જિયો ઉપરાંત બીજા નેટવર્ક પર કૉલ કરવા માટે ૬ પૈસા પ્રતિ મિનિટ ચુકવવા પડશે. જેના કારણે હવે તેનો રિચાર્જ પ્લાન થોડો મોંઘો થયો છે. કંપનીના અનુસાર તેના માટે જીઓ યુઝર્સને કુપન લેવી પડશે. જેની શરૂઆતી કિંમત ૧૦ રૂપિયા છે. જિયો દ્વાર ફ્રી કૉલિંગ રદ કરી દેવામાં આવ્યા બાદ ટ્વીટર પર ઈબોયકોટ જીઓ ટ્રેંડ થઈ રહ્યું છે. લોકો જીઓ છોડીને બીએસએનએલની સેવા લેવાની અપીલ કરી રહ્યા છે. કોલ ટર્મિનેશન ચાર્જ સાથે જોડાયેલા નિયમોની અનિશ્ચિતતાને કારણે ઉદ્યોગપતિ મુકેશ અંબાણીની ટેલિકોમ કંપની રિલાયન્સ જીયોએ બુધવારે જાહેરાત કરી છે કે તે ગ્રાહકો પાસે કોલિંગના પૈસા લેશે. જીયો યૂઝર્સ પાસે જિયો સિવાય બાકી નેટવર્ક પર કરનારા વોયસ કોલ માટે ૬ પૈસા પ્રતિ મિનિટ ચાર્જ કરવામાં આવશે. પરંતુ તેને બરાબર મૂલ્યનો ફ્રી ડેટા આપીને જીયો તેને બેલેન્સ કરશે. જીયોએ એક નિવેદનમાં કહ્યું કે, જ્યાં સુધી ટેલિકોમ ઓપરેટરોએ પોતાના યૂઝરો દ્વારા અન્ય ઓપરેટરોના નેટવર્ક પર કરવામાં આવેલા મોબાઈલ ફોન કોલ માટે પેમેન્ટ કરવાની જરૂરીયાત પડી રહી છે, ત્યાં સુધી ૬ પૈસા પ્રતિ મિનિટ ચાર્જ લાગુ રહેશે. આ ચાર્જ જીયો યૂઝર દ્વારા જીયો નંબર પર કરવામાં આવેલા કોલ અને વોટ્સએપ, ફેસટાઈમ કે અન્ય પ્લેટફોર્મનો ઉપયોગ કરીને કરવામાં આવેલા ફોન અને લેન્ડલાઈન કોલ પર લાગૂ થશે નહીં.

### સુપ્રિમ કોર્ટનો મહત્ત્વપૂર્ણ ચુકાદો

# વીઆરએસ એક કંપલીટ પેકેજ,વધારાના લાભ સુવિધા માંગવી દુર્ભાગ્યપૂર્ણ અને નકામી

(જી.એન.એસ)ન્યુ દિલ્હી, સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે સ્વૈચ્છિક નિવૃત્તિ યોજના(વી.આર.એસ ) એક કંપલીટ પેકેજ છે કર્મચારીઓ દ્વારા તેના પર વધારાના લાભ અને સુવિધાની માંગણી કરવી દુર્ભાગ્યપૂર્ણ અને નકામી છે . જસ્ટીસ સંજય કિશન કૌલ અને જસ્ટિસ કે.એમ જોસેફની બેન્ચે કહ્યુ રિટાયરમેન્ટ અને એવી આરએફ માં ફરક છે.

જે લાભ કાર્યકાળ પૂરો થતાં રિટાયર લોકોને મળે છે તે લાભ વીઆરએસ લેનારા લોકોને ન મળી શકે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે જ્યારે કર્મચારી મરજીથી સ્વૈચ્છિક સેવા નિવૃત્તિ લે છે ત્યારે તે નોકરી થતા સાથે સંબંધો સમાપ્ત કરે છે તેનો કાર્યકાળ પૂરો નથી થતો. આ નિર્ણય તે સભાન અવસ્થામાં જાતે લેશે તેના પર આવો નિર્ણય ઠોકી બેસાડવામાં નથી આવતો.

તેને વીઆરએસ થી થતા લાભ નુકસાન બાબતે પૂરેપૂરી ખબર જ હોય છે કોર્ટે આ ટીપ્પણી આઈએફસીઆઈમાંથી વીઆરએસ લેનારા કર્મચારીઓના કેસમાં કરી હતી કોર્ટે કહ્યું કે વીઆરએસ એક આર્થિક પેકેજ છે અને પેન્શન તેનો ભાગ છે આ સાથે જ કોર્ટે આઈએફસીઆઈની તરફેણમાં ચુકાદો આપતા વીઆરએસ લેનારા કર્મચારીઓને અન્ય લાભ આપવાની ના પાડી દીધી ભારત સરકારના ઉપક્રમે આઈએફસીઆઈના કેટલાક કર્મચારી હોય બીઆરએસ ૨૦૦૮ હેઠળ સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હતી આ કર્મચારીઓએ પછીથી પેન્શનમાં થયેલા સુધારાના આધારે પોતાનો દાવો કર્યો હતો દિલ્હી હાઈકોર્ટે ૨૦૧૭માં કર્મચારીઓની અરજી ફગાવી દીધી હતી આ લોકોએ આ આદેશને હાઈકોર્ટની ખંડપીઠમાં પડકાર્યો હતો જ્યાં ૨૦૧૯માં ચુકાદો તેમની તરફેણમાં આવ્યો હતો આ ચુકાદાને આઈએફસીઆઈએ સુપ્રીમમાં પડકાર્યો હતો આઈએફસીઆઈનો અપીલ સ્વીકારતા હાઈકોર્ટનો ચુકાદો રદ કર્યો હતો.

# રેલ્વેએ ૧૦ વર્ષમાં ભંગાર વેચી ૩૫ હજાર કરોડથી વધુની કમાણી કરી




(જી.એન.એસ)ન્યુ દિલ્હી, કમાવવાના ઘણા રસ્તાઓ છે. ભારતીય રેલ્વેએ તેનું ઉદાહરણ આપ્યું છે. જી હા, ભારતીય રેલ્વેએ ભંગાર વેચીને તેના ખજાનામાં એક મોટી રકમ ઉમેરી છે. રેલવેની તરફથી એક આરટીઆઈ અરજીના જવાબમાં બહાર પાડવામાં આવેલી વિગતો અનુસાર, વિભાગે છેલ્લા ૧૦ વર્ષમાં ભંગારમાંથી ૩૫,૦૭૩ કરોડ રૂપિયાની કમાણી કરી છે.

આપને જણાવી દઈએ કે રેલવે મંત્રાલયે છેલ્લા ૧૦ વર્ષમાં વેચેલા ભંગાર અંગે જાહેર કરેલી વિગતો દર્શાવે છે કે વિભાગે વર્ષ ૨૦૦૯-૧૦ થી ૨૦૧૮-૧૯ના સમયગાળા દરમિયાન વિવિધ પ્રકારના ભંગાર વેચીને ૩૫,૦૭૩ કરોડ રૂપિયા કમાયા છે. આમાં કોચ, વેગન્સ અને ટ્રેકનું ભંગાર શામેલ છે. રેલવે બોર્ડ દ્વારા આપવામાં આવેલી વિગતોમાં માહિતી અધિકાર અધિનિયમ અંતર્ગત, મધ્યપ્રદેશના માલવા-નિમંડ ઝોનના વરિષ્ઠ પત્રકાર અને સામાજિક કાર્યકરને કહેવામાં આવ્યું છે કે, છેલ્લા ૧૦ વર્ષમાં સૌથી વધુ ભંગાર ૪૪૦૯ કરોડ રૂપિયા વર્ષ ૨૦૧૧-૧૨ માં વેચવામાં આવ્યું, જયારે સૌથી ઓછું ભંગાર વર્ષ ૨૦૧૬-૧૭ માં ૨,૭૧૮ કરોડની કમાણી થઈ હતી.

રેલવે બોર્ડ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ વેચાયેલા ભંગારમાં રેલ્વે ટ્રેકનો સૌથી મોટો હિસ્સો છે. ૨૦૦૯-૧૦ થી ૨૦૧૩-૧૪ દરમિયાન ૬,૮૮૫ કરોડ રૂપિયાનું ભંગાર વેચવામાં હતું, જ્યારે ૨૦૧૫-૧૬થી ૨૦૧૮-૧૯ના સમયગાળા દરમિયાન ૫,૦૫૩ કરોડ રૂપિયાનું ભંગાર વેચ્યું. એકંદરે, ૧૦ વર્ષમાં રેલ પરિચાલનના ટ્રેકના વેચાણથી ૧૧,૯૩૮ કરોડ રૂપિયાની આવક થઈ છે.

# મોદીને ૬ ટકા મુસ્લિમ મત, ક્રિકેટમાં તેને 'છક્કો' કહેવાય છે :ઔવેસી

(જી.એન.એસ)નાંદેડ, એઆઈએમઆઈએમ (ઓલ ઈન્ડિયા મજલિસ એ ઈત્તેહાદ ઉલ મુસ્લિમીન)ના પ્રમુખ અને હૈદ્રાબાદના સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ ફરી પોતાના નિવેદનથી વિવાદ સર્જયો છે.

મહારાષ્ટ્રના નાંદેડમાં ચૂંટણી સભા સંબોધવા માટે ગયેલા ઓવૈસીએ મોદીને મત આપનારા મુસ્લિમોને છક્કા કહ્યા હોવાનો આક્ષેપ ભાજપના આઈટી સેલના પ્રમુખ અમિત માલવીયે કર્યો છે.

તેમણે ઓવૈસીના ભાષણનો વિડિયો સોશ્યલ મીડિયા પર શેર કરતા કહ્યુ છે કે, ઓવૈસીએ ભાષમમાં કહ્યુ છે કે, જે ૬ ટકા મુસ્લિમોએ ૨૦૧૪ અને ૨૦૧૯માં મોદીને મત આપ્યો તે છક્કા છે. તો શું તે એ હિન્દુઓ માટે પણ આવુ જ વિચારે છે જેમણે હૈદ્રાબાદમાં ઓવૈસીને અને ઔરંગાબાદમાં તેમની પાર્ટીના સાંસદ ઈમતિયાઝ જલીલને વોટ આપ્યો છે.

માલવીયે ટ્વિટ કરેલી ક્લિપિંગમાં ઓવૈસી એવુ કહેતા સંભળાય છે કે, ૨૦૧૪માં ૩૭ ટકા હિન્દુઓએ અને ૨૦૧૯માં ૪૪ ટકા હિન્દુઓએ મોદીને મત આપ્યા હતા. આ જ રીતે ૨૦૧૪માં અને ૨૦૧૯માં ૬ ટકા મુસ્લિમોએ મોદીને મત આપ્યા હતા.

જે ૬ નંબર હોય છે તેને ક્રિકેટમાં છક્કો કહે છે. ૬ હોય તે છક્કા હોય છે. હવે તેમણે મત આપ્યા હશે તો અમારે શું.

આ ભાષણમાં જોકે ઓવૈસી એવુ પણ કહેતા સંભળાય છે કે, મુસ્લિમોના છના છ જ રહ્યા છે પણ ૩૭ના ૪૪ કેવી રીતે થયા તેનો જવાબ કોંગ્રેસીનહી આપી શકે. ભાજપને જે પણ વોટ મળ્યા છે તેમાં કોંગ્રેસની વોટબેંક જ ભાજપના ફાળે જતી રહી છે.

### કો-ઓપરેટિવ બેંકના નિયમોમાં શિયાળુ સત્રમાં ફેરફાર શક્ય

# પીએમસી કૌભાંડ મામલે નાણા મંત્રી બોલ્યા: કો-ઓપરેટિવ બેંક સાથે સરકારને લેવા દેવા નથી

(જી.એન.એસ)ન્યુ દિલ્હી, કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારમણે ગુરૂવારે જણાવ્યું કે, પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ બેંકના કરોડોના કૌભાંડ સાથે ભારત સરકારને કોઈ લેવા-દેવા નથી. આ સાથે જ તેમણે જણાવ્યું કે, પીએમસી બેંકના કૌભાંડ બાબતે જે કોઈ પગલાં ભરવાના હશે તે દેશની કેન્દ્રીય બેંક દ્વારા લેવામાં આવશે. આ સાથે જ સંસદના શિયાળુ સત્રમાં કો-ઓપરેટિવ બેંકો સંબંધિત નિયમોમાં ફેરફાર સંબંધિત એક ખરડો પણ સરકાર લાવી શકે છે.

નાણામંત્રી નિર્મલા સિતારમણે જણાવ્યું કે, "પીએમસી બેંકના કૌભાંડમાં ભારતના નાણા મંત્રાલય દ્વારા કોઈ પગલાં લેવાશે નહીં, કેમ કે આરબીઆઈ નિયામક સંસ્થા છે. તેમ છતાં, મારા પક્ષે મેં ગ્રામીણ વિકાસ મંત્રાલય અને શહેરી વિકાસ મંત્રાલયનાં સચિવોને આ સમગ્ર કેસનો વિગતવાર અભ્યાસ કરવા જણાવ્યું છે." નાણામંત્રી પંજાબ અને મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ બેંકના થાપણદારો સાથે એક બેઠક કર્યા પછી આ વાત જણાવી હતી. બુધવારે પીએમસી બેંકના હજારો થાપણદારોએ એસ્પલેનેડ મેજિસ્ટ્રેટની કોર્ટની બહાર જોરદાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. રૂ.૪,૩૫૫ કરોડના કૌભાંડમાં સંડોવાયેલા ત્રણેય આરોપીઓ સામે કડક પગલાં લેવા તેમણે માગ કરી હતી. કોર્ટ દ્વારા મુંબઈની આર્થિક અપરાધ શાખા દ્વારા આરોપીઓના રિમાન્ડ લંબાવાની માગણી મંજુર રાખવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, પીએમસી બેંકના રૂ.૪,૩૫૫ કરોડના કૌભાંડમાં મુંબઈ પોલીસની આર્થિક અપરાધ શાખા દ્વારા હાઉસિંગ ડેવલપમેન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લી.ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર રાકેશ વાધવાન, તેમના પુત્ર સારંગ અને પૂર્વ ચેરમેન વાયરામ સિંઘની ધરપકડ કરવામાં આવી છે. આ સાથે જ બેંકના પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર જોય થોમસની પણ પોલીસે ધરપકડ કરી છે.

# ખેડૂતો ટેકાના ભાવ કરતા પણ ઓછા ભાવે મગફળી વેચવા મજબૂર બન્યા

(જી.એન.એસ)રાજકોટ,
ખેડૂતોને પડ્યા પર પાટું પડી હોય તેમ સરકારે જાહેર કરેલા ટેકાના ભાવ કરતા પણ ઓછા ભાવે મગફળી વેચવાનો વારો આવ્યો છે. ગત વર્ષે, સરકારે મગફળી માટે ટેકાનો ભાવ ૧૦૦૦ રૂપિયા જાહેર કર્યો હતો. ત્યારે આ વર્ષે સરકારે ૧૦૦૦ના બદલે ૧૦૧૮ રુપિયા આપવાનુ નક્કી કર્યુ છે. આ માટે સરકારે ૧લી નવેમ્બરથી ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ કરશે અને ૧લી ઓક્ટોબરથી ટેકાના ભાવે ખરીદી માટેની રજિસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરી દેવામા આવી છે. અત્યાર સુધીમા રાજકોટ સહિત રાજ્યભરમા ૧૦ દિવસમા ચાર લાખથી પણ વધુ ખેડૂતોએ રજિસ્ટ્રેશન કરાવ્યુ છે. જોકે, ખેડૂતો માર્કેટ યાર્ડમા ટેકાના ભાવ કરતા અડધા પણ ઓછા ભાવે મગફળી વેચવા માટે મજબૂર બન્યા છે.

કારણ એ છે કે, આ વર્ષે ચોમાસું લંબાયું અને ખૂબ વધારે વરસાદ પડતા મગફળી ખેતરમાં જ પડી રહી છે સહી ગઈ. અતિવૃષ્ટીને કારણે મગફળીના પાકને નુકશાન થયું અને તેની ગુણવત્તામાં ઘટાડો થયો. આ કારણે ખેડૂતો માત્ર ૫૦૦ થી ૬૦૦ રૂપિયે પણ મણ મગફળી વેચી રહ્યાં છે. આ તેમની લાચારી છે.

# રાજ્યમાં દીકરીઓની સુરક્ષા માટે શાળાઓમાં આત્મરક્ષણની તાલીમ અપાશે

(જી.એન.એસ)ગાંધીનગર,
ગુજરાત મહિલા આયોગના અધ્યક્ષા લીલાબેન અંકોલીયાએ જણાવ્યું છે કે, સુરક્ષિત દીકરી, સુરક્ષિત ગુજરાતના નિર્માણ માટે રાજ્ય સરકારે મક્કમ નિર્ધાર કર્યો છે. રાજ્યની દીકરીઓને વધુ સુરક્ષા પુરી પાડવા માટે તથા આત્મરક્ષણ માટેની યુક્તિઓ શીખવવા મહિલા આયોગ દ્વારા ‘કવચ’ કાર્યક્રમનો નવતર પ્રયોગ હાથ ધરાયો છે. જેના દ્વારા દીકરીઓને આત્મરક્ષણની તાલીમ સહિત માર્ગદર્શન અપાશે. આજે ગાંધીનગર ખાતે ‘કવચ’ કાર્યક્રમનો શુભારંભ કરાવતા લીલાબેન અંકોલીયાએ કહ્યું કે, રાજ્યની તમામ શાળાઓમાં દીકરીઓને કવચ કાર્યક્રમ અંતર્ગત આત્મરક્ષણની તાલીમ અપાશે. આજના સમયમાં દીકરીઓએ આત્મરક્ષણની યુક્તિઓ શીખવી આવશ્યક છે.

રાજ્ય સરકારે મહિલા સશક્તિકરણની દિશામાં અનેક પગલાંઓ લઈને મહિલાઓનાં સામર્થ્યમાં અપ્રતિમ વધારો કર્યો છે. જુદી જુદી સંભવિત અસુરક્ષિત પરિસ્થિતિઓ વિશે જાગૃતતા વધે અને દીકરીઓ પર અચાનક થતાં શારીરિક હુમલા સમયે કેવી રીતે સામાન્ય જાગૃતતાથી સામનો કરવો એ વિશેની આત્મરક્ષણની યુક્તિઓ શીખવવા ‘કવચ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે.’’

# શક્તિ દળ ગુજરાતની એક પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

શકિત દળ ગુજરાતની એક પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. એમાં શક્તિ દળ નાં સંયોજક પ્રોફેસર કિશોરસિંહ સોલંકી એ શકિતદળ એ બિન રાજકીય સંગઠન છે. એમાં યુવાનોને શિસ્ત, સંયમ, સ્વમાન, અને સેવાની નવી ક્ષિતિજો ઉઘાડી આપે છે.

કોઈ પણ પ્રકારની કુદરતી કે માનવ સર્જિત આપત્તિ વેળાએ કોઈ પણ પ્રકારના ભેદભાવ સિવાય માનવતાના ધોરણે મદદરૂપ થવાની શક્તિ દળ ની નેમ છે.

તા. ૧૩.૧૦.૨૦૧૯ રવિવાર ને શરદપૂર્ણિમા નાં દિવસે સાબરમતી રીવર ફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર, ટાગોર હોલની પાછળ, પાલડી અમદાવાદ ખાતે ૧૦,૦૦૦ શક્તિ દળના સૈનિકો ની તાલીમ શિબિર સંપૂર્ણ ડ્રેસ સાથે સવારે ૧૧.૦૦ થી ૨.૦૦ વાગ્યા સુધી રાખવામાં આવેલ છે તેમાં અમદાવાદ અને ખાસ કરી ને ઉત્તર ગુજરાત અને કેટલાક મધ્ય ગુજરાતના જિલ્લાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

અમદાવાદ ની શક્તિ દળ ની તાલીમ શિબિર પછી ડીસેમ્બરના અંત સુધીમાં સુરત ખાતે અને તે પછી રાજકોટ અને તેના પછી વડોદરા મુકામે અ પ્રકારની તાલીમ શિબિરો રાખવામાં આવશે. આમ સમગ્ર ગુજરાતમાંથી ૧ વર્ષમાં એક લાખ સૈનિકોની શક્તિ દળમાં ભરતી કરવામાં આવશે.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને શક્તિ દળના સંસ્થાપક શ્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે કોઈપણ રાજકીય પક્ષની કરોડરજ્જુ એની સંગઠન શક્તિ છે.

શક્તિ દળમાં ૧૮ થી ૪૫ વર્ષની ઉમર સુધીના ભાઈ – બહેનોની ભરતી કરવામાં આવશે અને પ્રજાના પ્રશ્નોને, તેમના સુખ દુઃખ માં ભાગીદાર થઈને હર હંમેશા મદદરૂપ થવા માટે શક્તિ દળ તૈયાર હશે.

આ આખો કાર્યક્રમ શિસ્તબદ્ધ રીતે થવાનો છે અને એમાં યુવાનોમાં રહેલી શુશુપ્ત રહેલી શકિતઓને ઉજાગર કરવાનો આ એક પ્રયાસ છે. આજના યુવાનમાં ખૂબ જ શક્તિ રહેલી છે પણ તેમને યોગ્ય દિશા માટે તો તે ઘણુબધું કરી શકે તેવી ક્ષમતા ધરાવે છે.

# ભાદર-૧માંથી સિંચાઈ માટે પૂરતું પાણી ન અપાતા ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો

(જી.એન.એસ)જેતપુર,
ભાદર-૧ સિંચાઈ યોજનામાંથી ખેડૂતોને સિંચાઈ માટે પુરતા પ્રમાણમાં પાણી આપવાની માંગ સાથે ખેડૂતોએ અનોખો વિરોધ કર્યો હતો. ખેડૂતોએ જેતપુરની ભાદર કેનાલ પર જઈ રામધૂન બોલાવી હતી અને રબારમીને વિરોધ નોંધાવ્યો હતો. જે બાદમાં પોલીસે ખેડૂત સમાજના આગેવાનોની ધરપકડ કરી હતી. ભાદર-૧ સિંચાઈનું પાણી ખેડૂતોન સાથે સાથે રાજકોટ કોર્પોરેશન પીવા માટે આપવામાં આવે છે. આ અંગે ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો હતો. આ અંગે માહિતી આપતા ખેડૂત સમાજના સૌરાષ્ટ્ર ઝોન પ્રમુખ ચેતન ગઢીયાએ જણાવ્યુ હતું કે, ભાદર-૧ ડેમની યોજનાનું બાંધકામ સંપૂર્ણ ઝીરો લેવલ સુધી સિંચાઈના હેતુ માટે થયું છે. જેમાંથી ગોંડલ-જેતપુર-ધોરાજી-ઉપલેટા- વડિયા-જૂનાગઢ વગેરે તાલુકાના અંદાજીત ૬૪ ગામના ખેડૂતોને અને ટીબીસી નીચે ૧૫ ગામના ખેડૂતોને સિંચાઈનું પાણી આપવામાં આવે છે. અંદાજીત ૨૬૮૪૦ હેક્ટર જમીન મુખ્ય નહેરમાંથી અને ૧૨૦૦ હેક્ટર જમીન ટીબીસી હેઠળ સિંચાઈ માટે પાણી મેળવે છે. વધુમાં તેઓએ જણાવ્યુ હતું કે, સિંચાઈ યોજના માટે પાણી હોવા છતાં રાજકોટ કોર્પોરેશનને અહીંથી પાણી આપવામાં આવે છે. અમારી માંગણી છે કે આ બંધ કરવામાં આવે. હાલ રાજકોટ કોર્પોરેશન પીવાનું પૂરતું પાણી આજી-ન્યારી વગેરે ડેમો તેમજ સૌથી યોજના દ્વારા મળી રહે છે. જેથી ભાદર-૧ સિંચાઈ યોજનાનું પાણી આપવું યોગ્ય નથી. રાજકોટ કોર્પોરેશન દ્વારા છેલ્લા ૨૦ વર્ષમાં યોજનાનું અંદાજીત રૂ. ૪૫ કરોડનું બિલ પણ ચુકવવામાં આવ્યું નથી. બીજી તરફ સિંચાઈ માટે ખેડૂતો પાસેથી પૂરતા પ્રમાણમાં રૂપિયા લઈ લેવામાં આવે છે.

# ડાબે-જમણે અને સેન્ટર, બોલરોને કન્ફ્યૂઝ કરે છે સ્મિથ: ડેલ સ્ટેન





(જી.એન.એસ)મેલબર્ન,
હાલમાં ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહેનાર આફ્રિકાના ફાસ્ટ બોલર ડેલ સ્ટેને કહ્યું કે, ઓસ્ટ્રેલિયન બેટ્સમેન સ્ટીવ સ્મિથ પોતાના રમવાના અંદાજથી બોલરોને કન્ફ્યૂઝ કરી રહ્યો છે. સ્ટેને આ પૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટનની રમત અને તેના પ્રદર્શનમાં શાનદાર સાતત્યની ખુબ પ્રશંસા કરી હતી.

૩૬ વર્ષીય ડેલ સ્ટેને કહ્યું, ’સ્ટીવ સ્મિથની રમવાની જે ટેકનિક છે તે તેનામાં નેચરલી ડેવલપ થઈ છે. તે બેટિંગ કરતા ડાબે-જમણે અને પછી સેન્ટરમાં આવે છે, જેથી બોલર કન્ફ્યૂઝમાં રહે છે કે તેને ક્યાં બોલિંગ કરવી છે. આ ટેકનિક અદ્ભૂત છે. તેની નજર હંમેશા બોલ પર રહે છે. ભલે તેની ટેકનિક ખુબ મુશ્કેલ હોય અને નિરાલી હોય, જેનાથી રમવું પડકારજનક છે પરંતુ તે ટેકનિક શાનદાર રીતે તેને કામ આવી રહી છે.’

૩૦ વર્ષીય સ્ટીવ સ્મિથ હાલમાં સંપન્ન થયેલી એશિઝ સિરીઝમાં સૌથી સૌફળ બેટ્સમેન રહ્યો હતો, જ્યાં તેણે ૫ ટેસ્ટની આ સિરીઝમાં ૪ ટેસ્ટ રમીને સર્વાધિક ૭૭૪ રન બનાવ્યા હતા. તે એશિઝ સિરીઝમાં મેન ઓફ ધ સિરીઝ પણ રહ્યો હતો. સ્ટેને કહ્યું કે, સ્ટીવ જેથી બોલર દુવિધામાં આવે છે કે તેણે બોલિંગ ક્યાં કરવાની છે.

# ‘૨ બૂંદ મોત કે’...પોલિયોની રસીથી બે બાળકોનાં મોત નીપજતાં ખળભળાટ

(જી.એન.એસ)સુરત,
સુરતના કામરેજ વિસ્તારમાં પોલિયોની રસીથી બે બાળકોનાં મોત થયા હોવાના પરિવારજનોએ આરોપ લગાવ્યો છે. કામરેજ વિસ્તારમાં આવેલી આંગણવાડીમાં બે જોડિયા બાળકોને પોલિયોની રસી આપવામાં આવી હતી. જે બાદ તેઓને તાવ આવ્યો હતો. અને બાદમાં તેમનાં મોત નિપજ્યા હતા. આ મામલે જોડિયા બાળકોનાં માતા પિતાએ ફોરેન્સિક તપાસની માગ કરી છે.

જોડિયા બાળકોનાં માતા પિતાએ આક્ષેપ કર્યો કે, ડોક્ટરની બેદરકારીને કારણે તેમના લાડકવાયાના મોત થયા છે. તેઓએ કહ્યું કે, અમે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ બાળકોને લઈ રસી આપવા ગયા હતા. ડોક્ટરે કહ્યું કે, તાવ આવે તો ગભરાતાં નહીં. પણ થયું જ એવું, બાળકોને તાવ આવી ગયો. તેઓ રાત્રે સૂઈ ગયા. પણ સવારે ઉઠ્યા જ નહીં.

રસી આપ્યા બાદ બંને બાળકોનાં મોત થતાં માતા પિતાએ આ મામલે ફોરેન્સિક તપાસની માગ કરી છે. તો જ્યાં સુધી ફોરેન્સિક રિપોર્ટ નહીં આવે ત્યાં સુધી લાશ સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે.

સાથે જવાબદારો સામે કડકમાં કડક કાર્યવાહી કરવા માગ કરી છે. તો આ મામલે કામરેજના ધારાસભ્યએ પણ કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું છે. તો આ મામલે ડોક્ટરે કહ્યું કે, આ મામલે હાલ કાંઈ પણ કહેવું વહેલું ગણાશે. ફોરેન્સિક રિપોર્ટ આવ્યા બાદ જ સાચું કારણ બહાર આવશે.

# રૂપાણી-ગહલોતના વાકયુદ્ધ વચ્ચે શામળાજી પોલીસે રાજસ્થાન બોર્ડર પાસેથી દારૂ ઝડપ્યો

(જી.એન.એસ)શામળાજી,
રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોતના દારૂ મામલે વિવાદિત નિવેદન બાદ હવે રાજયના પોલીસ વડા હરકતમાં આવ્યા છે. પોલીસ વડા તરફથી એક પરિપત્ર બહાર પાડીને ૧૦મી ઓક્ટોબરથી ૧૬ ઓક્ટોબર સુધી દારૂ અંગે સ્પેશ્યલ ડ્રાઈવ ચલાવવાની સૂચના આપવામાં આવી હતી. રૂપાણી અને ગહલોતના વાક્ યુદ્ધ વચ્ચે શામળાજી પોલીસે રાજસ્થાન બોર્ડર પાસેથી દારૂ ભરેલી જીપ ઝડપી પાડી છે. જોકે, પોલીસને જોઈને બુટલેગરો ફરાર થઈ ગયા હતા.

પોલીસે દારૂ ભરેલી જીપ સાથે ૩.૯૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. છેલ્લા ૩ દિવસથી ગુજરાત અને રાજસ્થાનનું રાજકારણ દારૂ મુદ્દે ગરમાયું છે. રાજસ્થાનના મુખ્યમંત્રી ગહલોતે એક નિવેદન બાદ ગુજરાતમાં દારૂ બંધીનો મુદ્દો ગરમાયો છે.

ગહલોતે જણાવ્યું હતું કે રાજસ્થાનમાંથી દારૂની સૌથી વધુ ખપત ગુજરાતમાં છે, ગુજરાતમાં ઘરે ઘરે દારૂ મળે છે. આ નિવેદન બાદ રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગહલોતને રાજસ્થાનમાં દારૂબંધી કરવાનો પડકાર ફેંક્યો હતો જ્યારે ભાજપા પ્રમુખ વાઘાણીએ કોંગ્રેસ દ્વારા ગુજરાતનું અપમાન ગણાવ્યું હતું.

# સીએમ રૂપાણીએ દિવ્યાંગોની સાધન સહાયની રકમ બમણી કરી

(જી.એન.એસ)ગાંધીનગર,
ગુજરાતનાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યનાં દિવ્યાંગોને આપવામાં આવતી સાધન સહાયની રકમ બમણી કરવા સહિતની કેટલીક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. દિવ્યાંગ સાધન સહાય યોજના હેઠળ રાજ્ય સરકાર વ્યક્તિ દીઠ ૧૦ હજાર રૂપિયા આપે છે તે સાધન સહાય યોજનાની રકમ દિવાળી બાદ બમણી એટલે કે ૧૦ હજાર રૂપિયાની જગ્યાએ ૨૦ હજાર રૂપિયા આપવામાં આવશે.

રૂપાણી સરકારે દિવ્યાંગોના કલ્યાણ અર્થે દ્રઢ અને સંગીન પ્રયાસો કર્યા છે. છેવાડાનાં જરૂરિયાતમંદો માટે રૂપાણી સરકારની કલ્યાણકારી યોજનાઓ ટેકારૂપ બની રહી છે. આ યોજનાઓ પૈકીની એક યોજના એટલે દિવ્યાંગ વ્યક્તિઓને સાધન સહાય આપવાની યોજના. આ યોજના અન્વયે ૪૦ ટકા કે તેથી વધુ વિકલાંગતા ધરાવતા દ્રષ્ટિહિન તેમજ મુકબધિર વ્યક્તિ કે જે ગુજરાત રાજ્યનાં વતની હોય, વિકલાંગ ઓળખકાર્ડ ધરાવતા હોય તેઓને આર્થિક સાધન સહાય હવેથી રૂપિયા ૧૦ હજારની બદલે રૂપિયા ૨૦ હજાર મળશે.

મુખ્યમંત્રીશ્રીનાં આ નિર્ણયથી દિવ્યાંગોને કૃત્રિમ અવયવ, ઘોડી કે કેલીપર્સ (બુટ), ત્રણ કે બે પૈંડાવાળી સાયકલ, સ્વરોજગારી માટે હાથલારી, સિલાઈ મશીન, મોચી કામ માટેનાં સાધનો, ઈલેકટ્રીક કોમ્પ્યુટર રીપેરીંગનાં સાધનો, સાયકલ રીપેરીંગનાં સાધનો, ભરતગુંથણ મશીન, એમ્બ્રોઈડરી મશીનની સહાય વધુ સરળતાથી ઉપલબ્ધ બનશે.

અંદાજે ૧૦ હજાર બાળકોને આ વધારાનો લાભ મળતો થશે. ઉપરાંત રાજ્યમાં દિવ્યાંગ લોકોની કલ્યાણ યોજનાઓ સહિતનાં અમલીકરણ તેમજ રજૂઆતોનાં સુચારૂ નિર્ણયો માટે રાજ્ય સરકાર અલાયદું દિવ્યાંગ નાણાં અને વિકાસ નિગમ કાર્યરત કરશે.

# પાકના પરાજય પર બોલ્યો મિસબાહ: હું ૧૦ દિવસ પહેલા આવ્યો છું



(જી.એન.એસ)કરાંચી,
પાકિસ્તાનના મુખ્ય કોચ મિસબાહ ઉલ હકે કહ્યું કે, શ્રીલંકાની બીજા દરજ્જાની ટીમના હાથે ટી૨૦ સિરીઝમાં ૦-૩થી થયેલા પરાજયે તેની આંખ ખોલી દીધી છે કે દેશની ક્રિકેટ વ્યવસ્થામાં કંઈક ગડબડ છે. મુખ્ય કોચ અને મુખ્ય પસંદગીકાર બંન્ને પદો પર રહેલા મિસબાહે કહ્યું કે, ઘરેલૂ સ્તર પર પ્રતિભાઓનો પણ અભાવ છે.

તેણે કહ્યું, ’આ સિરીઝથી મારી આંખ ખુલી ગઈ. આ જ ખેલાડી ઘણા સમયથી રમી રહ્યાં છે અને તણે ટીમને નંબર વન બનાવી. આ લોકો ત્રણ ચાર વર્ષથી રમી રહ્યાં છે.’ તેણે કહ્યું, ’જો અમે એવી ટીમ સામે હારી શકીએ છીએ, જેમાં તેના મુખ્ય ખેલાડી નથી તો અમે ખુદને નંબર-૧ કહેવાના હકદાર નથી.’ તેણે કહ્યું કે, શ્રીલંકાની ટીમે રમતના દરેક વિભાગમાં તેની ટીમને પછાડીને રાખી દીધા હતા.

મિસબાહે કહ્યું, ’હું આ હારની જવાબદારી સ્વીકારુ છું. આ ખુબ નિરાશાજનક છે અને અમે ખરાબ રમ્યા. પરંતુ આ ટીમે અમને ઉંચાઈઓ સુધી પહોંચાડી હતી. જો તમે મને દોષી માનો છો તો હું દસ દિવસ પહેલા આવ્યો છું.

દારૂબંધીના કાયદાની ઐસી કી તૈસી...

# બનાસકાંઠામાં ૨ લાખનો, ભચાઉમાંથી ૫.૭૬ લાખનો દારૂ પકડાયો, ૨ની ધરપકડ

(જી.એન.એસ)થરાદ,
ગુજરાતમાં હાલ દારૂબંધી છે કે નહિ તે પ્રશ્ન હવે નેશનલ મુદ્દો બની ગયો છે. દારૂબંધી મુદ્દે રાજસ્થાન અને ગુજરાત વચ્ચે વાકયુદ્ધ ખેલાયું હતું.

જેમાં રાજસ્થાન સરકારે ગુજરાતમાં દારૂ મળે છે તેવી વાત કરી હતી. ત્યારે હવે રાજયની તમામ પોલીસને દારૂ અને જુગારના અડ્ડાઓ પર દરોડાની કાર્યવાહી કરવા માટે ગાંધીનગર પોલીસ ભવનથી ફેક્સ કરી આદેશ અપાયા છે. આ વચ્ચે જ ગુજરાતમાં બે સ્થળોથી મોટી સંખ્યામાં દારૂ પકડાયો છે. બનાસકાંઠામાં ૨ લાખનો દારૂ, તો ગાંધીધામના ભચાઉમાંથી ૫.૭૬ લાખનો દારૂ પકડાયો છે.

રાજસ્થાનને અડીને આવેલી ગુજરાતની બોર્ડર પાસેથી હંમેશા દારૂ પકડાતો હોય છે. ત્યારે ગુજરાત-રાજસ્થાન બોર્ડર પર બનાસકાંઠા પાસે દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ છે. થરાદ પોલીસે ચેકીંગ દરમિયાન ખોડા ચેકપોસ્ટ પાસેથી ટ્રકમાં જીપ્સમના સફેદ પાવડરના કટ્ટાની આડસમાં ગુજરાતમાં ઘૂસાડવામાં આવતો દારૂ ઝડપી પાડ્યો છે. થરાદ પોલીસે તપાસ કરી તો ટ્રકમાં કુલ વિદેશી દારૂની ૩૬૯ બોટલ હતી. જેની કિંમત ૧,૯૮,૦૦૦ રૂપિયા છે. દારૂ સહિત ટ્રક સાથે ૭,૩૮,૫૦૦ રૂપિયાનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે. થરાદ પોલીસે ટ્રક ચાલક સહિત બે શખ્સોની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે.

બીજી તરફ, ગાંધીધામમાં ભચાઉ તાલુકાના છાડવારા ગામની સીમમાંથી દારૂ પકડાયો છે. ભચાઉ પોલીસે બાવળની ઝાડીમા પડેલી કારમાંથી ૪૨૪ દારૂની બોટલ પકડી છે.

જુદી જુદી બ્રાન્ડની ૩૫ પેટી વિદેશી દારૂ ઝડપી પાડયો છે. કાર અને દારૂ સાથે ૫.૭૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પૂર્વ કચ્છ એલ સી બીએ વહેલી સવારે કરેલી કાર્યવાહીમાં મોટી સફળતા હાથ ધરાઈ છે.

# ઘોર કળિયુગ..!! માતાએ જ સાત વર્ષની દીકરીનું અપહરણ કર્યું

(જી.એન.એસ)આણંદ,
આણંદમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરનાં ખાડ વિસ્તારમાં રહેતા સૌરભભાઈ ઠક્કર રહે છે. તેમના લગ્ન સંધ્યાબેન સાથે થયા હતાં. જેમાં તેમને ૭ વર્ષની દીકરી અને ૫ વર્ષનો પુત્ર છે. સંધ્યાબેને અને સૌરભભાઈનાં એક વર્ષ પહેલા જ છૂટાછેડા થયા હતાં. જે બાદ નક્કી થયું હતુ કે બંન્ને બાળકો પિતા એટલે સૌરભભાઈ પાસે રહેશે. પરંતુ બીજા ધોરણમાં ભણતી દીકરી જ્યારે સ્કૂલેથી ઘરે વાનમાં આવી હતી ત્યારે જ માતા સંધ્યાબેને તેનું અપહરણ કર્યું હતું. જે અંગે સૌરભભાઈએ સંધ્યાબેન સહિત ચાર જણ સામે ફરિયાદ નોંધાવી છે. હાલ આ કેસમાં તપાસ ચાલી રહી છે. મળતી માહિતી પ્રમાણે છોકરી હાલમાં લાંભવેલની સૃષ્ટી ઈંગ્લિશ મિડીયમ સ્કૂલમાં ધો. ૨માં અભ્યાસ કરે છે અને પુત્ર જીયાન વિદ્યાનગર ખાતે જુનીયર કેજીમાં અભ્યાસ કરે છે. દીકરી સવારે ૭ વાગે સ્કુલ ગઈ હતી. બપોરે જ્યારે આ છોકરી સ્કૂલેથી વાનમાં આવી ત્યારે તેને બુરખો પહેરીને આવેલી મહિલાઓ ઉઠાવીને કારમાં બેસાડી દીધી હતી. જે કારમાં અન્ય બે પુરુષો પણ બેઠા હતાં. આ ઘટના દરમિયાન સૌરભભાઈ બહાર ગયા હતાં. તેમને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે તેમણે પોલીસ ફરિયાદ કરી હતી.

પોલીસ ફરિયાદમાં તેમણે જણાવ્યું હતું કે, ’છૂટાછેડા લીધેલી પત્ની સંધ્યાનો ફોન આવ્યો હતો. જેમાં તેણે યાત્રી સાથે વાત કરાવી હતી.જેમાં દીકરીએ કહ્યું હતું કે હું મમ્મી સાથએ વેકેશનમાં જઉં છું. થોડા દિવસમાં આવી જઈશ. સંધ્યા સાથે હિમાંશુ રાણા નામનો વ્યક્તિ પણ હતો.

# વિજય હજારે ટ્રોફી દરમિયાન પસંદગીનું ભોજન ન મળતા મુનાફ પટેલે હોબાળો મચાવ્યો



(જી.એન.એસ)વડોદરા,
વડોદરા શહેરના મોતીબાગ ખાતે રમાઈ રહેલી વિજય હજારે ક્રિકેટ ટ્રોફી મેચમાં લન્ચ સમયે પૂર્વ ભારતીય ક્રિકેટર અને હાલમાં બી.સી.એ.માં મેન્ટર તરીકે કામ કરતા મુનાફ પટેલ અને ટ્રેનર તરીકે કામ કરતા ફૈઝલખાને જમવા બાબતે હોબાળો મચાવ્યો હતો. મેન્ટર અને ટ્રેનરને મનપસંદ ભોજન ન મળતા હોબાળો મચાવ્યો હતો. જોકે મામલો ઉગ્ર બને તે પહેલાં જ બી.સી.એ.ના સત્તાધીશો દોડી ગયા હતા. અને મામલો થાળે પાડ્યો હતો.

વડોદરા શહેરના મોતીબાગ ગ્રાઉન્ડ ખાતે હાલ વિજય હજારે ક્રિકેટ ટ્રોફી ચાલી રહી છે. જેમાં બપોરે લંચ દરમિયાન મેન્ટર મુનાફ પટેલ અને ટ્રેનર ફૈઝલખાન જમવા માટે ગયા હતા. જેમાં ફૈઝલખાને કેટરિંગના વેઈટરો પાસે બોઈલ વેજીટેબલની ડિમાન્ડ કરી હતી. પરંતુ કેટરિંગના વેઈટરોએ હાલમાં બોઈલ વેજીટેબલ ન હોવાનું જણાવતા ફૈઝલખાને હોબાળો મચાવ્યો હતો. આ સાથે પૂર્વ ભારતીય ક્રિકેટર અને મેન્ટર મુનાફ પટેલે પણ પોતાની પસંદગીનું ભોજનની માંગણી કરી હતી. વેઈટરોએ હાજર સ્ટોકમાં ન હોવાનું જણાવતા મુનાફે વેઈટરોનો ઉધડો લઈ નાખ્યો હતો.

વેઈટરોએ પણ પોતાનું સ્વમાન ઘવાય તેવા શબ્દો સાંભળી ન શકતા મુનાફ પટેલ અને ફૈઝલ ખાનને સામે જવાબો આપ્યા હતા. સમગ્ર મામલો ઉગ્ર બનતા બરોડા ક્રિકેટ એસોસિએશનના સત્તાધીશો મોતીબાગ ક્રિકેટ ગ્રાઉન્ડ પર દોડી આવ્યા હતા. અને મામલો થાળે પાડ્યો હતો.

# વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપ: મેરી કોમનો સેમિફાઈનલમાં પ્રવેશ, આઠમો મેડલ પાક્કો



(જી.એન.એસ)રૂસ,
છ વખતની ચેમ્પિયન એમસી મેરી કોમ (૫૧ કિલો)એ ગુરૂવારે વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપની સેમિફાઈનલમાં પહોંચીને અહીં પોતાનો આઠમો મેડલ પાક્કો કરી લીધો છે. આ ચેમ્પિયન બોકસરે ક્વાર્ટર ફાઈનલમાં રિયો ઓલિમ્પિકની બ્રોન્ઝ મેડલિસ્ટ કોલંબિયાની ઈનગ્રિટ વૈલેંસિયાને ૫-૦થી પરાજય આપ્યો હતો. મેરી કોમ ૫૧ કિલો વર્ગમાં પ્રથમ મેડલ મેળવવાના પ્રયત્નમાં લાગી છે.

૪૮ કિલોગ્રામ ભારવર્ગમાં છ વખત વિશ્વ ચેમ્પિયન રહી ચુકેલી મેરીનો આ ૫૧ કિલો ભારવર્ગમાં વર્લ્ડ ચેમ્પિયનશિપમાં પ્રથમ મેડલ હશે. પરંતુ એ આ ભારવર્ગમાં ૨૦૧૪ એશિયન ગેમ્સમાં ગોલ્ડ અને ૨૦૧૮ એશિયમ ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ જીતી ચુકી છે. સાથે મેરીએ આ ભાર વર્ગમાં લંડન ઓલિમ્પિક-૨૦૧૨મા બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. મેરી કોમે શરૂઆત સારી કરી અને અંતર બનાવી રાખતા જમણા ગ્લવ્સનો ઉપયોગ કર્યો હતો. સાથે તે ડાબા હાથથી પણ હુક લગાવી રહી હતી. અંતમાં બંન્ને ખેલાડી આક્રમક થઈ ગઈ હતી. બીજા રાઉન્ડમાં બંન્ને બોક્સરોએ સારૂ કર્યું, પરંતુ મેરી પોતાની વિપક્ષી કરતા થોડી આગળ રહી હતી.તે ઈંગોટ પાસે આવતા હુકનો સારો ઉપયોગ કરી રહી હતી અને તે ઈંગોટ પર હાવી થઈ રહી હતી. ત્રીજા રાઉન્ડમાં મેરીએ આમ જ કર્યું અને જીત પોતાના નામે કરી હતી.

